જા.નં.મા-૨/૨૦૨૬/૧૬૫૦ તા.૨૩/૦૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત

આ સાથે સામેલ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/૮૦૮૩૯૪૩/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬ પત્ર અન્વયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી શાળા સલામતી કાર્યક્રમ કરવાનું રહેશે, "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬"નો શુભારંભ તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે BISAG, ગાંધીનગરથી સીધું પ્રસારણ "વંદે ગુજરાત" ચેનલ નં. ૦૧ પ્રસારણ કરવામાં આવનાર કાર્યક્રમનો અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

GSDMA

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧,૫મો માળ,ઉદ્યોગભવન,ગાંધીનગર-૩૮૨૦૧૭
ટે.નં. -૦૭૯- ૨૩૨૫૯૨૭૮,૨૩૨૫૯૨૪૬
ફેક્સ -૦૭૯- ૨૩૨૫૯૨૭૫

જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/[illegible]/૨૦૨૬
તા. ૨૨/૦૧/૨૦૨૬

પ્રતિ
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

વિષય: 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવા બાબત.

ગુજરાત રાજ્યમા બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'નો શુભારંભ તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે BISAG, ગાંધીનગરથી કરવામાં આવનાર છે. જેનું સીધું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. ૦૧ ઉપરથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા કરવામાં આવશે.

સબબ, BISAG, ગાંધીનગર ખાતે ઉક્ત મુજબના કાર્યક્રમમા સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવા તથા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને ઉક્ત કાર્યક્રમમાં On Line ઉપસ્થિત રહેવાની જાણ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

નિયામક,વહીવટ
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

**નકલ રવાના:**
(૧) પીએ ટુ અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ....માન. અગ્ર સચિવશ્રીના ધ્યાને મુકવા સારૂ
(૨) પીએ ટુ સીઈઓ....માન. સીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ.
(3) નિયામકશ્રી- DM

Scanned with OKEN Scanner

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૬/૨૫૦૧-૫૮૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભઃ- ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ જીએસ ડીએમએ/શાળા સલામતી સપ્તાહ/૮૦૮૩૯૪૩/૨૦૨૬, તા.૨૧/૦૧/૨૦૨૬

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬ ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'નો શુભારંભ તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે BISAG, ગાંધીનગરથી કરવામાં આવનાર છે. જેનું સીધું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. ૦૧ ઉપરથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા કરવામાં આવશે.

ઉક્ત કાર્યક્રમમાં On Line ઉપસ્થિત રહેવા તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ પ્રસારણ નિહાળે તે બાબતે સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૩૫ર૮/ ૧૨૫૨
તારીખ :-
શાખા :-
સહી :- ૨૭/૧/૨૬

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના...
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, બ્લોક નં. ૧૧,૫મો માળ, ઉદ્યોગભવન ગાંધીનગર-૩૮૨૦૧૭

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
સુરત(પાલ), અન્નપુર્ણા માતાજીના મંદિરની બાજુમાં,
પાલ હજીરા રોડ, ફોન નં – ૦૨૬૧ – ૨૯૭૭૧૯૧,
email : rtosurat05@yahoo.in

નં. રોડ સેફટી/ કાર્યક્રમ/સુરત/ઓન/150 તા-29/02/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
૩ જો માળ,જિલ્લા સેવા સદન-૨,
બ્લૉક-A,સુરત ડુમસ રોડ,
અઠવા લાઇન્સ,સુરત-૩૯૫૦૦૧

વિષય :- રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ જાન્યુઆરી-૨૦૨૬ ની ઉજવણી બાબત.
અનુ :- ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર
No. GRSA/0093/RSW/362/09 Dt-07/01/2026

ઉપરોક્ત વિષયે આપ સાહેબને જણાવવાનું કે અનુસંધાનિત પત્રથી ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા ૦૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ભારત સરકારના MoRTH વિભાગની સુચના મુજબ " માર્ગ સુરક્ષા, જીવન રક્ષા" થીમ પર માર્ગ સલામતી વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત સુરત જીલ્લાની તમામ શાળા/મહાશાળાઓમાં ૨૬ જાન્યુઆરી ( પ્રજાસતાક દિવસ) ના દિવસે ધ્વજવંદન કર્યા બાદ વિવિધ પ્રવૃતિઓ જેવી કે નૃત્ય,ગરબા,ગીત,નાટક,કાવ્યપાઠ,નિબંધ લેખન, ચિત્રકલા, રંગોળી, ભાષણ સ્પર્ધા જેવા કાર્યક્રમો કરવામાં આવે, અને માર્ગ સલામતીની જન જાગૃતિના કરેલ કાર્યક્રમનો ફોટોગ્રાફ સાથે નો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા આપને વિદિત થવા સારૂં.

પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી
સુરત (પાલ)

બીડાણ:- ઉપર મુજબ